

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*પૂરી રાખો! - ને ધો પેકેજ, કહો કે 'પૂજા માં રાખો!'*
*પંપાળો પીઠ, હાથે, ને સોટી, બીજી - ભૂજામાં રાખો -*
*મૂર્જાય ચહેરા, ચલતા પૂર્જાની જાહેરાતોથી -*
*ખાલી ખખડાવો પૈસા, પ્રજાને - ઉર્જામાં રાખો !*

હાઈકુ

*ખૂલ્યાં હજાર!*
*ઘરમાંથી બહાર -*
*ગયા તો જો.. જો...*
*(દંડો દીઠો છે ?!)*

*બાંધી પૂમતી!*
*લ્યો ! ચેપ માટે નથી -*
*મૌન રહેવા !*
*(બોલશો તો રાજદ્રોહ)*

### ચિંતન

**સુકૃત વચન માનૈ નાહીં, આપુ ન કરૈ વિચાર,**
**કહહિં કબીર પુકારિ કૈ, સ્વપ્ને ગયા સંસાર.**

**ઉપરોક્ત સાખી કહત કબીરામાંથી લેવામાં આવેલ ચે.**

**કુસંગતમાં પડી મનુષ્ય બુદ્ધિ અને વિવેક ગુમાવી બેસે છે. અસત્યનો સહારો લઈ સાચા જૂઠાં કર્મો કરતો રહે છે. અને પોતે જ રચેલી માયામાં આનંદથી અટવાયેલો રહે છે. આવો સંસારમાં ડૂબેલો જીવ પુણ્યાત્મા ગુરુના પુણ્ય વચનનને માનતો નથી. પોતે કદી સદ્‌વિચાર કરતો નથી સંસારી જીવ સ્વપ્ન સમાન સંસારની ઘટમાળમાં આવન જાવન કરતો રહે છે. તેનું ભવભ્રમણ કદી અટકતું નથી. કબીર કહે છે સ્વપ્ન સમાન સંસારમંથી નિવૃત્તિ માટે પુણ્યાત્મા ગુરુનાં પવિત્ર વચનોને સમજીને જીવનમાં અપનાવવા એ જ સંસારી જીવોનું કર્તવ્ય છે.**

### સુવિચાર

- વો બુલંદી કિસ કામ કી જનાબ...? ઈન્સાન ચઢે ઔર ઈન્સાનિયત ઉતર જાયે - **યુગ પંડિત**
- એક શાંત અને સ્થિર મગજ તમારી દરેક લડાઈનું બ્રહ્માસ્ત્ર છે - **જીવન પાથેય**
- આપણા અપમાનમાં આપણી ભાગીદારી હોય જ છે, કોઈક ખાલી શબ્દો બોલી જાય છે અને અપમાનનું નામ અને સ્વરુપ તો આપણે જ આપીએ છીએ - **રોહિત શાહ**
- કર્મ જીવનનો મર્મ છે, બાકી બધું અધર્મ છે - **એસ. ભટ્ટાચાર્ય**
- જિંદગીનું બીજું નામ સંઘર્ષ અને સુખદુઃખની આવન-જાવન - **બોધીવૃક્ષ**
- જિંદગીની અમૂલ્ય મિલ્કત માનવી ત્યારે જ ગુમાવી દે છે, જયારે તે અસત્યની સાથે સમાધાન કરે છે - **આપ્તસૂત્ર**
- આજનું ઔષધ : બે લીટર પાણીમાં પાંચસો ગ્રામ તુરીયાને ઝીણા સમારી ઉકાળો. હવે એ પાણીને ગાળી તેમાં રીંગણા બાફી તે રીંગણા, ઘી ગોળ સાથે ખાવાથી મસ્સા મટે છે.

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

સંત રવિદાસ જૂતાં બનાવવાનું કામ કરતા. તેઓ સંતોની સેવા કરતા. એક સંતની એમણે સેવા કરી. તો સંતે ખુશ થઈ તેમને એક પારસ પથ્થર આપ્યો અને કહ્યું, 'આ પથ્થરથી તમે લોખંડને અડકાવશો તો તે સોનું બની જશે.' એમણે પ્રત્યક્ષ પરચો આપવા રવિદાસની જૂતા સિવવાની સોય ને પથ્થર અડાડ્યો તો એ સોય સોનાની થઈ ગઈ. રવિદાસ ભોળા ભાવે બોલ્યા, 'હવે હું જૂતા કેવી રીતે સીવીશ?' સંતે કહ્યું, 'હવે તમારે જૂતા બનાવવાની જરૂર શી છે? જયારે પણ પૈસા જોઈએ ત્યારે લોખંડમાંથઈ સોનું મળશે.' રવિદાસે તે પારસ લેવાની ના પાડી. પરંતુ સંત પરાણે તે પારસ આપીને ચાલી નીકળ્યા અને કહેતા ગયા, 'મેં તમને પારસ આપી દીધો હવે તમે જે કરો તે તમારી મરજી.' એક વર્ષ પછી પેલા સંત રવિદાસની ઝૂંપડી પાસે આવ્યા અને જોયું તો રવિદાસ, ઝૂંપડીમાં બેસીને જૂતા સિવવાનું કામ કરી રહ્યા હતા. સંતે પૂછ્યું, 'તમે હજી ઝૂંપડીમાં જ બેઠા છો, મને તો હતું કે પારસ પથ્થરની મદદથી તમે કોઈ ભવ્ય મંદિર કે આશ્રમ બનાવશો. પણ તમે તો હજી જૂતા જ સીવો છો.' રવિદાસે કહ્યું, 'મહારાજ, જો હું એ પારસ પથ્થરનો ઉપયોગ કરવામાં મડી જાત તો મારા કર્મથી વિમુખ થઈ જાત. મારી આ જીવનયાત્રા અસ્તવ્યસ્ત થઈ જાત. ભોગવિલાસ કરવાથી હું ઈશ્વરની નજરમાંથી ઉતરી જાત. માટે આપ એ પારસ પથ્થર પરત લઈ લો અને બીજા કોઈને આપજો.' સંતે પણ રવિદાસના વિચારને નમન કર્યા.

# દેશ સામે સમસ્યાઓના ઢગ ખડકાયા

**તંત્રીસ્થાનેથી...**

દેશના ઉગમણા સીમાડે ત્રાટકેલ વાવાઝોડાએ બંગાળ અને ઓડિશાને હચમચાવી મૂક્યાં છે. પશ્ચિમ બંગાળનાં મુખ્યમંત્રી મમતા બેનરજીએ તત્કાળ રાડ નાખી છે : જેટલું નુકશાન કોરોનાઓ નહોતું કર્યું એટલું આ અમ્ફાન વાવાઝોડાથી થયું છે. કેન્દ્ર સરકાર માટે આમેય બિન ભાજપી રાજયો સરકારો અને એમાં પણ વિશેષ મમતા માથાનો દુઃખાવો સાબિત થઈ રહ્યાં છે. નેપાળના વડાપ્રધાન કાલાપની વિસ્તારને સુવાંગ નેપાળની હદમાં દર્શાવતો નકશો પ્રમાણિત કરી ચીનના ઈશારે ભારતને ભીંસમાં લઈ રહ્યા છે. કૈલાસ માનસરોવરના પરંપરાગત રસ્તે આવતા આ પ્રદેશનો વિવાદ જૂનો છે. પણ અત્યાર લગી બધું દાબડદીબડ ચાલતું હતું. કેન્દ્રીય સંરક્ષણમંત્રી રાજનાથ સિંહે આ પવિત્ર યાત્રાના શૉર્ટકટ માટે છેક ચીનના પ્રવેશદ્વાર સમી લીપુલેખ ઘાટી સુધી મોટરમાર્ગ ખુલ્લો મુક્યો એથી નેપાળ ગિન્નાયુ છે. નેપાળ થોડાં વર્ષ પહેલાં જ એની વિશ્વના એક માત્ર હિંદુ રાષ્ટ્ર તરીકેની ઓળખ ગુમાવી ચૂક્યુ છે. એને ચીને પટાવી લીધું છે; બની શકે કે તિબેટની જેમ ભવિષ્યમાં આખેઆખું પચાવી પણ દે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી સામે સમસ્યાઓની વણઝાર સરજાઈ છે. કોરોના કેમે કર્યો કંટ્રોલમાં આવતો નથી. ચેપની સંખ્યામાં રોજેરોજ ધરખમ ઉમેરો થતો જાય છે. મરણાંક પણ ઊંચો જઈ રહ્યો છે. સવિશેષ વડાપ્રધાન હોમ સ્ટેટમાં પરિસ્થિતિ લગભગ નિયંત્રણ બહાર ચાલી ગઈ છે. આખરે ગોંધી રાખેલી પ્રજાને નિયંત્રિત છૂટકારો આપતાંની સાથે સોશિયલ ડિસ્ટંસિંગના ધજાગરા ઊડી રહ્યા છે. શ્રમિક ટ્રેનો લાખોની સંખ્યામાં ગુજરાતમાં રોજીરોટી રળતા પરપ્રાંતીયોને એમના વતનમાં હેમખેમ પહોંચાડી રહી છે. બીજી તરફ છૂટછાટ મળતાં ધબકતાં થયેલાં કારખાનાને મજૂરોની તંગી વરતાવા લાગી છે.

ફેકટરી માલિકો વતન પહોંચાડાયેલા શ્રમિકોને પાછા લાવવાની માગણી કરવા લાગ્યા છે. કોરોના સામેની લડાઈમાં મુખ્યમંત્રીના મિત્ર પરાક્રમસિંહને ધરમ કરવા જતાં ધાડ પડી છે. એમણે વેન્ટિલેટર 'ધમણ' તાબડતોબ બનાવી સદ્‌ભાવપૂર્વક ભેટ ધર્યા જે કેટલાક તજજ્ઞ તબીબોના અભિપ્રાય મુજબ કોવિડ-૧૯ ના દરદીઓ માટે ઉપયોગમાં લેવાલાયક નથી. સરકાર સામે વિપક્ષને નેતાઓ બેફામ આક્ષેપબાજી કરી એથી આરોગ્યખાતું સંભાળતાં નાયબ મુખ્યમંત્રી અને વિભાગના અગ્રસચિવને બચાવનામું રજૂ કરવું પડ્યું છે. વેન્ટિલેટર્સની દેશમાં ભારે અછત ભારે 'આત્મનિર્ભર' થવાનો પ્રયાસ પ્રશંસનીય જ ગણાવો જોઈએ, પરંતુ એથી જો પરિણામ ન મળતું હોય અને દરદીને વેન્ટિલેટર લગાડ્યાનો ફક્ત સંતોષ જ મેળવાતો હોય તો એ જરૂર નિંદનીય પુરુષાર્થ લેખાશે. અમેરિકાએ ભારતને કેટલાંક વેન્ટિલેટર્સ દાનમાં આપવાની જાહેરાત કરી છે. મરણોન્મુખ માણસને વિશ્વસ્તરની સારવાર આપવાનું લક્ષ્ય રાખવું જોઈએ. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન મોડે મોડે કોરોનાનું મૂળ અને કુળ શોધવાની માગણી સ્વીકારી ચૂક્યું છે. ચીન સાથ મિલીભગતના કડવા આપેક્ષો પછી એના માટે અસ્તિત્વનો અને નૈતિકતાનો સવાલ સરજાયો છે. હવે એ કેવી તપાસ કરે છે, એ તો સમય જ કહેશે. ભારત આવી તપાસની માગણી કરનારા સુધરેલા દેશો સાથે જોડાયું છે. એથી ચીન હવે એની અસલિયત બતાવ્યા વિના નહીં જ રહે. એક તરફ ભારતે પાક હસ્તકના કાશ્મીરને હસ્તગત કરવાની તૈયારીઓ કરી છે તો બીજી તરફ વૈશ્વિક રોગચાળા સામે લડીને પાર ઉતરવાનું છે. કાશ્મીરમાં જવાનો શહીદ થતા રહે છે. ચીન-પાકિસ્તાનની સંયુક્ત તાકાત સામે સીધાં યુદ્ધમાં ઊતરવાનું જોખમોથી વડાપ્રધાન વાકેફ છે, છતાં નાછૂટકે હર હર મહાદેવ કરી વધુ એક યુદ્ધ લડી લેવાની નોબત આવે તો એમાં પણ પાછી પાની નહીં જ કરે.

# જયતિ જયતિ શનિદેવ કૃપાલા






## અમર વારસો

ડૉ. રશ્મિકાન્ત મહેતા

વૈશાખી અમાસ શનૈશ્વર જયંતી છે. શનિ મહારાજની ગતિ ધીમી છે, એ શનૈશ્વર છે.

શનિદેવની સ્તુતિમાં 'શનિચાલીસા' ની રચના થયેલી છે. એમાં ચાલીસ ચોપાઈઓ છે. શરુઆત પહેલા અને અંત પછી દોહરો છે. છેલ્લી ચોપાઈમાં રચનારનું નામ મળે છે. કહત રામસુંદર પ્રભુદાસા, શનિ સુમિરત સુખ હોત પ્રકાશા (૪૦)

(૧) આરંભ પહેલાંનો દોહરો -
જય ગણશ ગિરિજાસુવન મંગળ કરણ કૃપાલ;
દીનનકે દુઃખ દૂર કરિ, કીજે નાથ નિહાલ.
જય જય શ્રી શનિદેવ પ્રભુ, સુનહુ વિનય મહારાજ;
કરહુ કૃપા હે રવિનય, રાખહુ જનકી લાજ.

(૨) અંત પછીનો દોહરો -
પાઠ શનિશ્ચર દેવ કો, કિયો 'ભક્ય' તૈયાર;
કરત પાઠ ચાલીસ દિન, હો ભવસાગર પારય

(૩) આરંભ -
જયતિ જયતિ શનિદેવ દયાલા,
કરત સદા ભક્તને પ્રતિપાલા (૧)

(૪) સ્વરુપ
ચારિ ભુજા, તનુ શ્યામ વિરાજૈ,
માથે રતનમુકુટ છબિ છાજૈ.
પરમ વિનાશ મનોહર ભાલા,
ટેઢી દૃષ્ટિ, ભ્રુકુટિ વિકરાલા.
કુંડલ શ્રવણ ચમાચમ ચમકે,
હિયે માલ મુક્તન મણિ દમકે,
કર મેં ગદા, ત્રિશૂલ કુઠારા,
પલ બિચ કરે, શત્રુ સંહારા (૨-૫)

(૫) દશ નામો -
પિંગલ, કૃષ્ણો, છાયાનંદન,
યમ, કોણસ્થ, રૌદ્ર, દુઃખભંજન.
સૌરી, મંદ, શની, દશનામા,
ભાનુપુત્ર પૂજહિં સબકામા. (૬-૭)

(૬) સમર્થતા -
જા પર પ્રભુ, પ્રસન્ન હવૈ જાહાં,
રંક હું રાવ કરૈં ક્ષણ માહીં.
પર્વત હૂ તૃણ હોઈ નિહારત,
તૃણ હૂ કો પર્વત કરિ ડારત (૮-૯)

(૭) મહાપુરુષો ઉપર એમનો પ્રભાવ -
રાજ મિલત બન રામહિં દીન્હો,
કૈકેંઈ કી મતિ હરિ લીન્હો. (૧૦)

(૮) એમના વાહનો
વાહન, પ્રભુ કે સાત સુજાના,
હય, દિગ્ગજ, ગર્દભ, મૃગ, સ્વાના.
જંબુક, સિંહ આદિ નખધારી,
સોફલ જયોતિષ કહત પુકારી (૨૭-૨૯)

(૯) એમના ચરણો -
તૈસહિ ચારિચરણ યહ નામા,
સ્વર્ણ, લોહ, ચાંદી અરુ તામા. (૩૩)

(૧૦) ફળપાઠ -
પીપલ જલ શનિદિવસ ચઢાવત,
દીપદાન દૈ બહુ સુખ પાવત (૩૯)

વૈશાખ માસની અમાસે આ 'શનિચાલીસા'નો વિશેષ મહિમા છે.

# 'રામકૃષ્ણ મિશન'ના સ્થાપક કોણ હતા ?



## ખજાનો

અનિલ પટેલ

### ભારતનો ઈતિહાસ

૧ થિયોસોફીકલ સોસાયટીની સ્થાપના કઈ સાલમાં થઈ હતી ?
(અ) ઈ.સ. ૧૮૭૦ (બ) ઈ.સ. ૧૮૭૮
(ક) ઈ.સ. ૧૯૯૮ (ડ) ઈ.સ. ૧૯૦૦

૨ 'થિયોસોફીલ સોસાયટી'ની સ્થાપના કયાં થઈ હતી?
(અ) લંડનમાં (બ) પેરિસમાં
(ક) ન્યૂયોર્કમાં (ડ) રંગૂનમાં

૩ 'રામકૃષ્ણ મિશન'ના સ્થાપક કોણ હતા ?
(અ) સ્વામી વિવેકાનંદ (બ) મહર્ષિ અરવિંદ
(ક) રવિન્દ્રનાથ ટાગોર (ડ) દયાનંદ સરસ્વતી

૪ સંવાદ કૌમુદીની વર્તમાનપત્રનું સંપાદન કોણ કરતું હતું ?
(અ) બાળગંગાધર તિલક (બ) દયાનંદ સરસ્વતી
(ક) રાજારામ મોહનરાય (ડ) એની બેસન્ટ

૫ આર્ય સમાજની સ્થાપના કયાં થઈ હતી ?
(અ) પાંડિચેરી (બ) અયોધ્યા
(ક) દિલ્હી (ડ) મુંબઈ

૬ બંગાળના ભાગલા કયા અંગ્રેજ અમલદારે કર્યા હતા?
(અ) લોર્ડ કર્ઝન (બ) લોર્ડ વેલેસ્લી
(ક) લોર્ડ હાર્ટીઝ (ડ) લોર્ડ વિલિયમ

૭ ઈ.સ. ૧૮૫૭ની ક્રાંતિ દરમિયાન કયા નેતાએ અંગ્રેજોને વારંવાર પરાજીય કર્યા પણ અંગ્રેજો તેમને પરાજીત ન કરી શક્યા ?
(અ) નાના સાહેબ (બ) કુંવરસિંહ
(ક) મંગલ પાંડે (ડ) તાત્યા ટોપે

૮ બેલ્લાર વિદ્રોહ કઈ સાલમાં થયો હતો?
(અ) ઈ.સ. ૧૮૦૦ (બ) ઈ.સ.૧૮૦૬
(ક) ઈ.સ. ૧૮૧૧ (ડ) ઈ.સ. ૧૮૧૬

૯ 'વેદો તરફ પાછા વળો' આ સૂત્ર કોનું છે ?
(અ) દયાનંદ સરસ્વતી (બ) સહજાનંદ સ્વામી
(ક) રાજારામ મોહનરાય (ડ) મહર્ષ અરવિંદ

૧૦ ભારતમાં પહેલીવાર આવકવેરો કયારે લાગુ થયો ?
(અ) ઈ.સ. ૧૮૫૭ (બ) ઈ.સ. ૧૮૬૦
(ક) ઈ.સ. ૧૮૬૫ (ડ) ઈ.સ. ૧૮૭૦

૧૧ કોંગ્રેસનું પ્રથમ અધિવેશન કયા સ્થળે ભરાયું હતું ?
(અ) લખનૌ (બ) કરાંચી
(ક) મદ્રાસ (ડ) મુંબઈ

૧૨ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસની સ્થાપના કયારે થઈ ?
(અ) ઈ.સ. ૧૮૬૦ (બ) ઈ.સ. ૧૮૭૦
(ક) ઈ.સ. ૧૮૮૫ (ડ) ઈ.સ. ૧૮૯૫

૧૩ ઈ.સ.૧૯૦૭માં કયા સ્થળે ભરાયેલ કોંગ્રેસ અધિવેશનમાં ભાગલા પડ્યા હતા ?
(અ) નવસારી (બ) સુરત
(ક) અમદાવાદ (ડ) વડોદરા

૧૪ આઝાદીની ચળવળ સાથે જોડાયેલું સ્થળ ચૌરીચોરા કયા જિલ્લામાં આવેલું છે ?
(અ) ગોરખપુર (બ) લલિતપુર
(ક) કાનપુર (ડ) લખનૌ

૧૫ મહાત્મા ગાંધીને 'મહાત્મા'નું બિરુદ કોણે આપ્યું ?
(અ) તિલકે (બ) રવિન્દ્રનાથ ટાગોરે
(ક) શ્રીમદ્ રાજચંદ્રે (ડ) વિનોબા બાવેએ

### વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા દિવસોની મહત્ત્વની ઘટનાઓ**

**૨૨ મે :**
- સમાજ સુધારક રાજારામ મોહનરાયનો જન્મદિવસ (૧૭૭૨)
- લોર્ડ બેબ્રોને મુંબઈમાં દેશના પ્રથમ સ્ટેડિયનની આધારશિલા મૂકી (૧૯૩૬)
- મધ્યમ અંતરની બેલેસ્ટીક મિસાઈલનું સફળ પરિક્ષણ (૧૯૮૯)
- એર ઈન્ડિયાના પ્લેનને મેંગ્લોરમાં અકસ્માત (૨૦૧૦)

**૨૩ મે : વર્લ્ડ ટર્ટલ ડે**
- રુસ્તમે હિંદ અને રુસ્તમે ઝમા નું બિરુદ મેળવનાર મલ્લવિદ્યાના સ્વામી પહેલવાન ગામાનું નિધન (૧૯૬૦)
- વિશ્વની ૧૦ સુંદરીઓમાં સ્થાન મેળવનાર જયપુર સ્ટેટના રાજમાતા ગાયત્રી દેવીનો જન્મદિવસ (૧૯૧૯)
- અર્વાચીન યુગના આર્ષદષ્ટા અમેરિકન ઋષિ રાલ્ફ વાલ્ડો એમર્સનની જન્મજયંતિ (૧૮૦૩)
- લીલાવતી મુનશીની જન્મજયંતિ (૧૮૮૯)

**● ૨૪ મે : કોમન વેલ્થ દિવસ**
- ગટુભાઈ ધ્રુવ ગુજરાતના પ્રસિદ્ધ કેળવણીકારનું નિધન (૧૯૬૮)
- અવ્વલ દરજ્જાના ઉર્દૂ શાયર મજરુહ સુલતાનપુરીનું નિધન (૨૦૦૨)
- સંગીતકાર રાજશ રોશનનો જન્મદિવસ (૧૯૫૫)

**● ૨૫ મે :**
- યુનાઈટેડ સ્ટેટના રાલ્ફ વા એમર્સનની જન્મજયંતિ (૧૮૦૩)
- શિકાગોના ઓહોર એરપોર્ટ પર વિમાન દુર્ઘટનાથઈ જેમાં ૨૭૩ લોકો માર્યા ગયા હતા (૧૯૭૯)
- વિશઅવ પ્રસિદ્ધ સાહિત્યકાર વિલિયમ શેક્સપિયરના સાહિત્ય પરથી પ્રતિબંધ ઊઠાવી લેવામાં આવ્યો (૧૯૭૭)

**● ૨૬ મે :**
- રશિયાના આધુનિક સંસ્કાર જીવનના ઘડવૈયા એલેકઝાન્ડર પુસ્કિનનો જન્મદિવસ (૧૭૯૯)
- ભારતીય અંતરિક્ષ એજન્સી ઈસરોએ પ્રથમવાર ત્રણ ઉપગ્રહો સફળતાપૂર્વક પ્રસ્થાપિત કર્યા. (૧૯૯)
- બાળ સાહિત્યમાં યોગદાન આપનાર રસ્કીન બોન્ડનો જન્મદિવસ (૧૯૩૪)
- નેપાળના અપ્પા શેરપાએ ૧૬મી વખત એવરેસ્ટ સર કર્યું (૨૦૦૬)

**● ૨૭ મે :**
- ભારતના પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નહેરુની પુણ્યતિથિ (૧૯૬૪)
- ખનીજ તેલ વિશેષજ્ઞ કેશવદાસ માવલિયાનું નિધન (૧૯૮૧)
- શ્રીલંકાની ટીમના પૂર્વ કપ્તાન જયવર્દનેનો જન્મદિવસ (૧૯૭૭)
- જર્મનીના સૌથી મોટા યુદ્ધ જહાજ બિસ્માર્કનું પતન (૧૯૪૧)

**● ૨૮ મે :**
- ક્રાંતિકારી સાવરકરનું નિધન (૧૯૬૬)
- જાણીતા શિલ્પ સ્થાપત્ય કાર પ્રભાશંકર ઓધડભાઈ સોમપુરાનું નિધન (૧૯૭૮)
- પાકિસ્તાને પરમાણું પરિક્ષણ કર્યું (૧૯૯૮)
- પૂર્વ વડાપ્રધાન સ્વ. રાજીવગાંધીની પુણ્યતિથિ (૧૯૯૧)

**ગત સપ્તાહના સવાલનો જવાબ**

**ભારતના કયા શહેરમાં સૌથી વધુ કોરોનાના દર્દીઓ જોવા મળ્યા છે ?**

**જવાબ : મુંબઈ (મહારાષ્ટ્ર)**

**સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો**

(૧) નટુભાઈ દરજી : પેથાપુર (૨) જયેન્દ્ર પ્રસાદ પાઠક : સે-૬ (૩) મૂળજીભાઈ પરમાર : સે-૭ (૪) હાર્દિક એન ભટ્ટ : સે-૨૪ (૫) ઋજિત રાવલ : ૧૨૨૨/૨, સે-૭ડી (૬) પંકજ આર પ્રજાપતિ : ઉવારસદ (૭) શિવાંગ બી પટેલ : સરસાગસણ

**આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)**

**વિશ્વ પર્યાવરણ દિવસ કઈ તારીખે ઉજવાય છે ?**

**'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ**
**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

# ચડિયાતું કોણ ? ગુરુ કે ગૂગલ ?



## રંગ-ઉમંગ

કાનન ઓઝા

આજના ટેકનોલોજીકલ જમાનામાં કોઈ પણ વ્યક્તિને કોઈ પણ પ્રકારની માહિતિની જરૂર ઊભી થાય તો તરત જ તે ગૂગલ પાસે પહોંચી જાય છે. દુનિયાનું કોઈપણ ક્ષેત્ર એવું નહિં હોય કે જેના વિષે ગૂગલ પાસે માહિતી ના હોય. શિક્ષણ,આરોગ્ય, અવકાશ, ખેતીવાડી કે અન્ય ગમે તે ક્ષેત્ર લો, તમને જોઈતી માહિતી ગૂગલ આપી દે છે. આ લેખકે ૨૦૦ની સાલમાં લખ્યું હતું કે, હવે પછી અભણની વ્યાખઅયા બદલાઈ જશે. હવે અભણ વ્યક્તિ એને કહેવાશે કે જે ઈન્ટરનેટનો ઉપયોગ જાણતી નથી તે અભણ. હકીકતમાં એ સત્ય સાબિત પણ થઈ ગયું છે. આજે અક્ષરજ્ઞાન વગરની વ્યક્તિ પણ મોબાઈલનો ઉપયોગ કરીને ઈન્ટરનેટ વાપરતી થઈ ગઈ છે. આજે કોઈ વ્યક્તિ ગૂગલનો ઉપયોગ ના કરતી હોયતો બીજી વ્યક્તિ સલાહ પણ આપશે કે, ગૂગલનો ઉપયોગ કરી ને, અથવા તો પૂછે છે કે, તમે ગૂગલનો ઉપયોગ નથી કરતા? આજે ગૂગલનું મહત્ત્વ વધી ગયું છે. ત્યારે સ્વાભાવિકપણે પ્રશ્ન થાય કે, ચડિયાતું કોણ ? ગુરુ કે ગૂગલ ? તેના અનુસંધાનમાં મોટાભાગના વ્યક્તિઓનો જવાબ હશે કે, ગુરુ જ ચડિયાતા હતા, છે અને રહેશે. ગુરુનું સ્થાન ગૂગલ કયારેય નહિ લઈ શકે. ગૂગલ કરતાં ગુરુ ચડિયાતા હોવા પાછળની કેટલીક દલીલો જોઈએ.

પ્રથમ તો ગૂગલ સુધી પહોંચવાનો રસ્તો જ ગુરુ બતાવે છે. ગુરુ હતા કે છે તો ગૂગલ આજે ઓછે. ગૂગલની શોધ કરનાર કે તેને ચલાવનારા ગુરુ જ છે. આ રીતે જોતાં ગુરુ જ ગૂગલ કરતાં ચડિયાતા છે. આપની ભારતીય સંસ્કૃતિમાં જણાવેલ છે. કે ગુરુ બ્રહ્મા, ગુરુ વિષ્ણુ... વગેરે... કયાંક એવું સાંભળવા મળ્યું કે, ગૂગલ બ્રહ્મા, ગૂગલ વિષ્ણુ .... વગેરે હા... ગુરુ વિષે જયારે ઉપરોક્ત કહેવાયું ત્યારે ગૂગલ નહોતું. આજે ગૂગલ છે તો પણએ જ કહેવાય છે કે, ગુરુ, બ્રહ્મા, ગુરુ વિષ્ણુ... એક બીજું વાક્ય પણ છે કે, ગુરુ બીના જ્ઞાન નહિ. આ સંપૂર્ણ સાચુ જ છે. જ્ઞાન આપે તો ગુરુ છે. જ્ઞાન સુધી ગુરુ જ પહોંચાડે છે. ગૂગલ જે આપે છે તે તો માત્ર માહિતી છે. ગૂગલ માહિતી આપી શકે, જ્ઞાન ના આપી શકે. માહિતી અને જ્ઞાન વચ્ચે ખૂબ જ મોટું અંતર છે. માહિતી કરતા જ્ઞાન ખૂબ જ ઉચ્ચકક્ષાએ છે. માટે જ ગૂગલ કરતા ગુરુ ચડિયાતા છે. એલેકઝાંડરે કહેલું કે, માતાપિતા તો જન્મ આપે છે, પણ જીવનનો સાચો રસ્તો ગુરુ જ બતાવે છે. ગુરુ તમને કહેશે કે, આ યોગ્ય છે અથવા તો નથી. સમય આવે તમારે કાન પકડીને તમારી પાસે કબૂલ પણ કરાવશે અને સાચા રસ્તે જ જવાનો આગ્રહ રાખશે, જયારે ગૂગલ તો તમને અનેક રસ્તા બતાવશે, નક્કી તમારે કરવાનું છે કે તમે કયાં રસ્તે જશો, ભલેને પછી તમે ખાડામાં જ કેમ ના પડો. જયારે ગુરુ તો ખાડામાં પડવા જ ના દે. તમે અયોગ્ય રસ્તે જતા હશો તો તમને રોકસે, તમે માનશો નહિ તો દબાણપૂર્વક તમને અયોગ્ય કરવા નહિ જ દે. ગૂગલને તમે રસ્તો પૂછથો તો તમને એક કરતા વધુ રસ્તા બતાવશે. જયારે ગુરુ વધુ રસ્તા બતાવશે, પણ સાથે કયાં રસ્તે જવું જોઈએ અને કયાં રસ્તે ના જવું જોઈએ તે પણ કહેશે. માત્ર કહેશે એટલું જ નહિ પણ શા માટે જેતે રસ્તે ના જવું જોઈએ અને શા માટે અમુક ચોક્કસ રસ્તો જ પકડવો જોઈએ તેના કારણો પણ આપશે. માટે જ ગુરુ ચડિયાતા કહેવાય. ગૂગલ પ્રશ્નનો જવાબ આપે છે, પણ શા માટે તે નથી જણાવતું. ૨

ગૂગલ વ્યક્તિને માહિતી આપે છે. આ સમયે ગૂગલ અને વ્યક્તિ વચ્ચે માત્ર જ્ઞાનાત્મક સંબંધ હોય છે, જયારે શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચે જ્ઞાનાત્મક ઉપરાંત સંવેગાત્મક સંબંધ પણ હોય છે. ગુરુમાં લાગણી હોય છે. જયારે ગૂગલમાં લાગણી જેવું હોતું નથી. વિદ્યાર્થીની કોઈ મર્યાદા શિક્ષકને રાત્રે કયારેક ઊંઘવા પણ નથઈ દેતી. આ રીતે વિદ્યાર્થી અને શિક્ષકનો સંબધ વિશિષ્ઠ પ્રકારનો છે. જે સંબંધ ગૂગલ ના બાંધી શકે. આ તફાવત જ ગુરુને ગૂગલ કરતાં અનેકગણા ચડિયાતા બતાવે છે.

સમાજમાન્ય ન હોય તેવી કોઈ માહિતી કોઈ વ્યક્તિને જોઈતી હશે તો ગૂગલ તરત જ તે આપી દેશે. જયારે વિદ્યાર્થી આવી માહિતી મેળવવા માટે શિક્ષણને પૂછવાની હિંમત પણ કરી શકતો નથી. અને ધારો કે વિદ્યાર્થી હિંમત કરીને પૂછે તો શિક્ષક તેવી માહિતી આપશે નહિ, અને સમજાવશે કે તે અયોગ્ય રસ્તે જઈ રહ્યો છે. તેને સાચા રસ્તે વાળવાના તમામ પ્રયત્નો કરશે. આજની અણસમજુ વ્યક્તિને આડા માટે ચડાવવામાં ગૂગલની ભૂમિકા ખૂબ જ મોટી રહી છે. આવા આડા પાટે ચડેલાને સાચા રસ્તે લાવવાનું કામ ગુરુ જ કરી શકે છે. ઘણીવાર એવું પણ બને છે કે, જયાં મા-બાપ નિષ્ફળ જાય છે ત્યારે તેઓ પણ પોતાના બાળકને ગુરુ પાસે જ લાવે છે. દવા નહિ પીતું બાળક મા-બાપનું નથી માનતું. પણ ગુરુ કે શિક્ષક જો બાળકને દવા પીવાનું કહેશે તો બાળક તરત જ દવા પી લેશે. ગૂગલ આ નહિ કરે. માટે જ ગુરુ એ ગૂગલ કરતા શ્રેષ્ઠ છે. ચડિયાતા છે, જે નિર્વિવાદ બાબત છે.